**પ્રશ્ન: ધોરણ ૧ થી ૫ બાળકો સંખ્યાજ્ઞાન શીખી શકે તે માટે આપે કરેલ પ્રવૃત્તિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો,**

તારણ:- શિક્ષકે આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે.જવાબ આપવાની સાથે જવાબ આપનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપેલ છ.

(૧) ધોરણ ૧ થી ૫ ના બાળકોને સંખ્યાજ્ઞાન શીખવાડવા માટે ધોરણ પ્રમાણે વિવિધ એકટીવીટી કરવામાં આવે છે જેમકે, ધો૧ ના બાળકોને **રેતીમાં સંખ્યાના વળાંક,** ધો ૨ ના બાળકોને **સંખ્યા કાર્ડ**, ધો ૩ ના બાળકોને **સંખ્યાગાન,** ધો ૪ ના બાળકોને **સંખ્યા ચાર્ટ,** ધો ૫ ના બાળકોને **સંખ્યા પટ્ટી**થી સંખ્યા શીખવાડવામાં આવે છે.
(અશ્વિનભાઈ સોલંકી-ખેડા- 9979782719)

(૨) સંખ્યાજ્ઞાન શીખવાડવા માટે બાળકોને **અંક લખેલા કાર્ડ** આપવામાં આવે છે. આ કાર્ડ બાળકો ગ્રુપમાં અથવાતો પોતાની જાતે તે સંખ્યાને ઓળખી વાંચીને યાદ રાખે છે.
(પંકજભાઈ પ્રજાપતિ-વડોદરા- 9714577656, કૃણાલભાઈ પંચાલ-પંચમહાલ-8866813188, કેતનભાઈ પટેલ-પાટણ-9687944848

(૩) બાળકો સંખ્યાજ્ઞાન શીખવાડવા માટે 1 થી ૧૦૦ સંખ્યાનાં ૧ થી ૧૦, ૧૧ થી ૨૦....એમ ૯૧ થી ૧૦૦ સુધીના ૧૦ **સંખ્યાચક્ર** બનાવ્યા છે. શિક્ષક બોર્ડ પર સંખ્યા લખે છે, બાળકો બોર્ડમાં લખેલ સંખ્યા સંખ્યાચક્ર માંથી શોધે છે.
(દીપાલીબેન મહીડા-આણંદ- 9408865196

(૪) ધોરણ 1 અને ૨ ના બાળકોને સંખ્યા જ્ઞાન તેમજ ગાણિતિક ક્રિયાઓ શીખવાડવા માટે **તાસ ના પત્તા** પર સફેદ કાગળ લગાડીને તેની પર સરવાળા, બાદબાકી અને ગુણાકારના દાખલાઓ તેમજ કોયડાને કાર્ડ પર લખીને અલગ-અલગ બોક્ષમાં રાખવામાં આવ્યા. બાળકો આ બોક્ષ લઈને પોતાની જાતે અથવાતો ગ્રુપમાં કાર્ય કરે છે.
(પ્રકાશભાઈ નિરંજની-રાજકોટ- 9898380908)

(૫) બાળકોને ગાણિતિક મુદ્દા રમત દ્વારા શીખવાડવા માટે **જુદી જુદી રમત** રમાડવામાં આવે છે,જેમકે સ્થાનકિંમત શીખવાડવા સંગીતખુરશી, જુના રેકેટ દ્વારા 1 થી ૧૦૦ સંખ્યા તેમજ 1 થી ૧૦ ના ઘડિયા, સરવાળા બાદબાકી માટે કેટલા રે કેટલા રમત, લોહીચુંબક દ્વારા એકી-બેકી સંખ્યા જેવી રમત રમાડીને શીખવાડવામાં આવે છે.
(દમયંતીબેન પટેલ-કચ્છ-9408837250, સતીશભાઈ પ્રજાપતિ-પંચમહાલ-9978779260, નીલેશભાઈ વાઘેલા-જામનગર-9429363474, પીન્ટુબેન પટેલ-પંચમહાલ-8980590817, નાગજીભાઈ દેસાઈ-બનાસકાંઠા-8758363490)

(૬) બાળકો શાળામાં પ્રવેશની સાથે સાથે સંખ્યાજ્ઞાન મેળવે તે હેતુથી **દાદર, રેમ્પ અને રેલીંગ પર ચડતા ઉતરતા ક્રમમાં અંકો** લખવામાં આવ્યા છે.
(દિલીપસિંહ વિહોલ-મહેસાણા-9725871658, હિરેનભાઈ સંઘાણી-બોટાદ-9904994294

(૭) ધોરણ 1 થી ૫ ના બાળકોને સંખ્યા જ્ઞાન શીખવાડવા માટે મોબાઈલમાં **એનીમેશન વીડિઓ** ડાઉનલોડ કરીને પ્રોજેક્ટર પર બતાવવામાં આવે છે. તદુપરાંત સંખ્યાજ્ઞાન શીખવાડતી વિવિધ **મોબાઈલ-ટેબ્લેટ** ગેમનો સહારો પણ લેવામાં આવે છે.આ પધ્ધતિથી બાળકો સરળતાથી સંખ્યા યાદ કરતા થયા છે.
(ભરતસિંહ વાઘેલા-મહેસાણા-9879503835, મિતુલભાઇ પટેલ-પાટણ-9724641090, નીરવભાઈ ચૌહાણ-ભાવનગર-9586116776, પ્રેમજીભાઈ કરેલીયા-જામનગર-9898791013

(૮) સરવાળા બાદબાકી શીખવાડવા માટે **એક બોક્ષમાં અંકો અને બીજા બોક્ષમાં સરવાળા-બાદબાકીની નિશાની** રાખવામાં આવી છે. બાળકો આ પ્રવુતિ બાળકોને જુદા જુદા જૂથ પાડીને કરવામાં આવે છે.
(રજનીકાંતભાઈ પટેલ-બનાસકાંઠા-9974052199)

GCERT અને IIMA  ૨૦૧૨ માં ગુજરાત સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા વર્ગખંડ તેમજ વર્ગખંડની બહાર કરેલ નવતર પ્રયોગ શોધવાનું તથા કરવાનું કામ શરુ કર્યું. આ પ્રયોગોને કોઈ એક જ જગ્યાએ મળી રહે તે માટે IIMA દ્વારા એક એજ્યુકેશન ઇનોવેશન બેંક(EI-BANK) તૈયાર કરી, આ સમગ્ર પ્રયોગો WWW.INSHODH.ORG પર ઓનલાઈન કરવામાં આવ્યા જેથી કરીને કોઈ પણ ના શિક્ષક આ નવતર પ્રયોગનો ઉપયોગ કરી શકે. નવેમ્બર,૨૦૧૭ સુધીમાં આ બેંકમાં કુલ ૧૨,૫૬૬ જેટલા ઇનોવેશનનો સંગ્રહ કરેલ છે. EI-BANK દ્વારા શિક્ષકો માટે જુદી જુદી પ્રવૃત્તિ ચાલી રહી છે નિહાળવા માટે નીચેના QR-CODE સ્કેન કરો.

| | | |
|---|---|---|
| (૧)ઇનોવેશન બેંક (WWW.INSHODH.ORG) | (૨)ઓનલાઈન ઇનોવેશન સબમિશન | (3)ઓનલાઈન ઈનોવેશન કેવી રીતે |
| (૪) ફેસબુક પેજમાં જોડવા (Education innovation bank) | (૫) મહિલા ફેસબુક પેજ (innovative women teachers) | (૬)યુટ્યુબ ચેનલ (Teachers as transformer) |
| (૬)મોબાઈલમંચમાં જોડાવા | (૭) SMC મોબાઈલમંચના પ્રશ્નો વાંચવા | (૮)શિક્ષકોના મોબાઈલમંચના પ્રશ્નો વાંચવા. |
| (૯)ચિલ્ડ્રન કોર્નર-વાર્તા | (૧૦) ચિલ્ડ્રન કોર્નર-વીડિઓ (Mathes/Science) | (૧૧) ચિલ્ડ્રન કોર્નર-પ્રોજેક્ટ (Mathes/Science) |
| (૧૨)સમ્પ્રત્ય-મહિલા શિક્ષકના નવતર પ્રયોગની બુક | (૧૩)ગુજરાતના શિક્ષકોના ટોપ ૧૦૦ નવતર પ્રયોગની બુક | (૧૪) EI-BANK બ્રોશર |